# આકાશવાણી – ભુજ

**સમાચાર વાચક: તૌફીક સમા**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ : 31/03/2024** **સમય: સવારે: ૬:૫૦**

## ભારત રત્ન સન્માન

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સમારોહમાં ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા. શ્રીમતી મુરમૂએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી પી.વી. નરસિમ્હા રાવ અને ચૌધરી ચરણ સિંહ, બિહારના બે વખતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કર્પૂરી ઠાકુર અને કૃષિ વૈજ્ઞાનિક એમ.એસ. સ્વામીનાથનને મરણોપરાંત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન પુરસ્કાર એનાયત કર્યા હતા. આ પુરસ્કાર તેમના સંબંધીઓને આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ આજે નવી દિલ્હીમાં ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા લાલકૃષ્ણ અડવાણીને દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર અર્પણ કરશે.

પુરસ્કાર સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ,પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સહીત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ભારત રત્ન દેશનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જે કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ સેવા અને સર્વોચ્ચ ક્રમના પ્રદર્શન માટે આપવામાં આવે છે.

RNU AHMDAVAD

---

## લોકસભા ચુંટણી

લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી ચુંટણીની 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનો ગઈકાલે છેલ્લો દિવસ હતો. આ તમામ બેઠકો પર 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

દરમિયાન, લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 89 બેઠકો માટેનું જાહેરનામું ગુરૂવારે બહાર પડ્યું હતું.

બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 89 બેઠકો માટે મતદાન થશે.

જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8-8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે..

RNU AHMDAVAD

## મતદાન જાગૃતિ

કચ્છ જિલ્લામાં મતદાન જાગૃતિ માટે 'સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અંતર્ગત કચ્છ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ગઇકાલે ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષાના અંતિમ દિવસે તમામ પરીક્ષા કેન્દ્રો પર મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને ચૂંટણી પ્રક્રિયા વિષયક માગદર્શન આપીને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

RNU AHMDAVAD

## ૧૯૫૦ વોટર્સ હેલ્પલાઇન

લોકશાહી ચૂંટણી દરમિયાન મતદાનમાં નાગરિકો ઉત્સાહભેર ભાગ લે તે માટે ચૂંટણીપંચ દ્વારા સુવિધાપૂર્ણ નવતર પ્રકલ્પ 1950 વોટર્સ હેલ્પલાઇન નંબર શરૂ કરાયો છે.

1950 હેલ્પલાઇન દ્વારા નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોના જવાબ આપવા અલાયદુ યુનિટ કાર્યરત કરાયું છે. જેના માધ્યમથી ચૂંટણી કાર્ડ અને મતદાન યાદી સહિતના નાગરિકોને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરાય છે.

RNU AHMDAVAD

## ઇસ્ટર ડે

આજે ઇસ્ટર ડે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશ અને વિદેશમાં વસતા નાગરિકોને, ખાસ કરીને ખ્રિસ્તીઓને ઈસ્ટરની શુભેચ્છા પાઠવી છે. તેમના સંદેશમાં તેમણે જણાવ્યું હતું કે આ તહેવાર ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનની ઉજવણીને ચિહ્નિત કરે છે, જે પ્રેમ અને કરુણાનું પ્રતીક છે. રાષ્ટ્રપતિએ કહ્યું, કે ઇસ્ટર એવો સંદેશ આપે છે કે સત્ય શાશ્વત છે અને દરેકને બલિદાન અને ક્ષમાનો માર્ગ બતાવે છે. તેમણે જણાવ્યું હતું કે ઈસુ ખ્રિસ્તના ઉપદેશો આપણને શાંતિ અને સંવાદિતાના માર્ગ પર માર્ગદર્શન આપે છે.

RNU AHMDAVAD

## વધુ મતદાન માટે તંત્ર દ્વારા અપીલ

કચ્છમાં લોકસભાની સામાન્ય ચૂંટણી 2024માં વધુમાં વધુ મતદાન થાય તે માટેના પ્રયાસોના ભાગરૂપે તેવામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કચ્છ કલેક્ટરે પણ કચ્છી ભાષામાં 7 મી મેના અચૂક મતદાન કરવા અપીલ કરી છેકચ્છના ટપાલ વિભાગ દ્વારા પણ તા.18-03-2024થી 'ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ' સિક્કો મારવામાં આવી રહ્યો છે અને અત્યાર સુધી 23,400થી વધુ ટપાલો આ રીતે સિક્કો મારીને મોકલવામાં આવી છે.

NP / તૌફીક સમા

---

## ક્રિકેટ – IPL

ગઈકાલે લખનૌ સુપર જાયાંટ્સ ટીમે પંજાબ કિંગ્સ ટીમને 21 રને હરાવી પ્રવર્તમાન આઇ પી એલ ની શ્રેણી ની મેચ માં પ્રથમ વિજય મેળવ્યો છે લખનૌ નાં અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમ પર ની મેચ માં લખનૌ ટીમે 8 વિકેટ ગુમાવી199 રન કર્યા હતા જવાબ માં પંજાબ ટીમ 5 વિકેટ ગુમાવી 178 રન કરી શકી હતી

ઈન્ડિયન પ્રીમિયર લીગ આઇપીએલમાં આજે પહેલી મેચ ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર હૈદરાબાદ વચ્ચે રમાશે. મેચ બપોરે સાડા ત્રણ વાગે શરૂ થશે. લીગ તબક્કાની આ બારમી મેચ અમદાવાદમા રમાશે.

જયારે બીજી મેચ દિલ્હી કેપિટલ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાશે. આ મેચ સાંજે સાડા સાત વાગે શરૂ થશે. લીગ તબક્કાની આ તેરમી મેચ વિસાખાપટ્ટનમ ખાતે રમાશે.

સી એફ પટ્ટની / તૌફીક સમા

---